પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ અંતર્ગત ૪૫ હજાર લાભાર્થીઓનો ગૃહ પ્રવેશ

ગાંધીનગર, તા. ૮

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યના ગરીબ, ગ્રામીણ, વંચિત સહિત જરૂરમંદ પરિવારોને આવાસ છત્ર પુરૂ પાડી રોટલો ને ઓટલો બેય આપવા ૨૦૨૨ સુધીમાં ૨૫ લાખ આવાસો શહેરી-ગ્રામીણ આવાસ યોજનાઓ અન્વયે નિર્માણ કરવાની નેમ દર્શાવી છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, મકાન-આવાસ એ પ્રાથમિક જરૂરિયાત છે અને કેન્દ્રની વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની સરકાર ૨૦૨૨ સુધીમાં દેશના હરેક જરૂરતમંદ પરિવારને કાચા મકાનોના સ્થાને પાકા મકાનો આપવા પ્રધાનમંત્રી આવાસ યોજનાથી સંકલ્પબદ્ધ છે. ગુજરાતમાં આ આવાસ યોજના સાથે મુખ્યમંત્રી આવાસ-ગૃહ યોજના પણ રાજ્ય સરકારે સંવેદનશીલ અભિગમથી કાર્યરત કરી છે.

મુખ્યમંત્રીએ ગાંધીનગરમાં મહાત્મા મંદિરમાંથી પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણના ૪૫ હજાર લાભાર્થીઓને ૧૯ જિલ્લાના તેમના આવાસોમાં ઈ-ગૃહ પ્રવેશ કરાવ્યો હતો.

તેમણે મુખ્યમંત્રી ગ્રામોદય યોજના અન્વયે બે લાખ જેટલી લાભાર્થી બહેનો-યુવતિઓનું ઉદ્યોગ સાથે સીધુ જોડાણ કરાવતાં જોબવર્ક-નિમણૂંક પત્રો પણ એનાયત કર્યા હતા.

મુખ્યમંત્રીએ પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ-અન્વયે રૂ. ૬૭૩ કરોડના ખર્ચે ૧૯ જિલ્લામાં પૂર્ણ થયેલા ૪૫ હજાર આવાસોના લાભાર્થીઓને વિડીયો લીંકથી ઈ-ગૃહ પ્રવેશ કરાવીને મકાનોમાં વીજળી, ઉજ્જવલા અન્વયે ગેસ, એલ.ઈ.ડી. બલ્બ, શૌચાલય જેવી સુવિધાઓ અંગે રસપ્રદ વાર્તાલાપ કરી માહિતી મેળવી હતી.

આ પ્રસંગે ગ્રામ વિકાસ મંત્રી આર.સી. ફળદુએ જણાવ્યું કે, ગરીબોને ઘરના ઘરનું સપનું સાકાર કરવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગરીબોને કાચા મકાનમાંથી પાકા મકાન આપવાનું દેવત્વ કામ કર્યુ છે અને આગામી પાંચ વર્ષમાં તમામ ગરીબોને આવાસ સુવિધા હેઠળ આવરી લેવાશે.

ગ્રામ વિકાસ વિભાગના કમિશનર મોના ખંધારે સ્વાગત પ્રવચન કરતાં કહ્યું કે, ગ્રામીણ જીવનને ધબકતું કરવા તથા આર્થિક રીતે સદ્ધર બનાવવા તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાને અનેકવિધ આયામો હાથ ધર્યા છે જેને રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી આગળ વધારી રહ્યા છે. મુખ્યમંત્રીના માર્ગદર્શન થકી કેન્દ્ર સરકારની ફ્લેગશીપ યોજના પ્રધાનમંત્રી આવાસ યોજના અને રાજ્ય સરકારની મુખ્યમંત્રી આવાસ યોજના હેઠળ માત્ર ૧૫ માસના ગાળામાં ૧.૬૦ લાખથી વલધુ આવાસોનું નિર્માણ કરીને લાભાર્થીને સુપ્રત કરાયા છે. આજે રાજ્યના વિવિધ જિલ્લાઓના લાભાર્થીઓને આ ૪૫ હજાર આવાસોનો ઈ-ગૃહ પ્રવેશ કરાયો છે.

આ કાર્યક્રમમાં સંસદસભ્ય જયશ્રીબેન પટેલ, પૂર્વમંત્રી નિર્મલાબેન વાઘવાણી, ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, કરશનભાઈ પટેલ, હસમુખભાઈ તથા પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ગ્રામ વિકાસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સહિતના મહેમાનો તથા લાભાર્થીઓ અને તેમના પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

મહિલા દિનની ઉજવણી કરાઈ

મહિલા દિન નિમિત્તે એચ.વી.વી.એમ. બાલમંદિરની શિક્ષિકાઓ દ્વારા શહીદોને સન્માનીય ગીત 'સંદેશે આતે હૈ' રજુ કરવામાં આવ્યું હતું અને શાળાની ધો-૧૧ની વિદ્યાર્થીનીઓ પણ હાજર રહી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રમેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

વલાદ-ગોળવંટા પાસે સ્મશાનવાળા નવીન પુલને ખુલ્લો મુકવામાં આવ્યો

ગાંધીનગર તાલુકાના વલાદથી ગોળવંટા ગામે સ્મશાન જતા નવીન પુલ બનાવાયો હતો. આ પુલને ખુલ્લો મુકવાનો કાર્યક્રમ ધારાસભ્ય શંભુજી ઠાકોર,વલાદના સરપંચ હોથાજી ઠાકોર તથા જિલ્લા, તાલુકાના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ નવીન પુલ બનતા બંને ગામોના ગ્રામજનોને સ્મશાને જવા પડતી હાલાકીનો અંત આવ્યો છે.

ગાંધીનગર જિલ્લા સહકારી સંઘની ચૂંટણીમાં કોદરભાઈ પટેલની પેનલનો ભવ્ય વિજય

ગાંધીનગર, તા.૮

તાજેતરમાં ગાંધીનગર જિલ્લા સહકારી સંઘની ચુંટણી યોજાઈ હતી. જેનું પરિણામ આજરોજ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં ગાંધીનગર જિલ્લા સહકારી સંઘની કુલ ૧૬ બેઠકોમાંથી ૧૦ બેઠકો બિનહરીફ જાહેર થઈ હતી. જેમાં લાલભાઈ જે. પટેલ-અડાલજ, અશોકભાઈ આર પટેલ-પુર્વ ધારાસભ્ય, પરેશભાઈ આર. પટેલ, ડાયરેકટર કૃભકો, મનુભાઈ બી. પટેલ વા. ચેરમેન નાગરિક બેંક, સુરેશભાઈ વી. પટેલ અડાલજ, પ્રકાશભાઈ સી. પટેલ કુડાસણ, નિરંજનકુમાર એમ. બિહોલા પાલજ, નવિનભાઈ જે. પટેલ વાઈસ ચેરમેન, એ.પી.એમ.સી. કલોલ, ભાવેશભાઈ એન. પટેલ દહેગામ, અંબાલાલ એસ. ઠાકોર વડોદરા બિનહરીફ જાહેર થયા હતા.

જેમાં ૬ સીટોની ચુંટણી કરવામાં આવી. તેમાં કોદરભાઈ આર. પટેલ જાખોરા, યોગેશભાઈ પટેલ માણસા, બેચરભાઈ ચૌધરી માણસા, માધુભાઈ ચૌધરી કલોલ, સોમાભાઈ ચૌધરી બાલવા, અમરતભાઈ ચૌધરી વાસણા ચૌધરી વિજયી જાહેર થયા હતા.

ગાંધીનગર જિલ્લા સહકારી સંઘના ચેરમેન કોદરભાઈ આર. પટેલ અને તેમની સમગ્ર પેનલનો ભવ્ય વિજય થયેલ છે. ગાંધીનગર જિલ્લાના તમામ સહકારી આગેવાનો તરફથી હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

ગાંધીનગર તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘની ચૂંટણીમાં ચેરમેન સુરેશભાઈ પટેલની પેનલનો ભવ્ય વિજય

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘની તાજેતરમાં જાહેર થયેલી ચુંટણીમાં કુલ ૧૭ બેઠકોમાં ૧૫ બેઠકો પરના ઉમેદવારો બિનહરીફ જાહેર થયા હતા. જેમાં સુરેશભાઈ વી. પટેલ અડાલજ, નિરંજનકુમાર એમ. બિહોલા પાલજ, મહેન્દ્રભાઈ જે. પટેલ ખોરજ, રમણભાઈ બી. પટેલ પોર, રણછોડભાઈ ટી. પટેલ ઉવારસદ, જીતેન્દ્રકુમાર એમ. પટેલ સરઢવ, પોપટભાઈ એન. પટેલ કોલવડા, દશરથભાઈ બી. પટેલ ઉનાવા, અરવિંદસિંહ જે. વાઘેલા, લેકાવાડા, લાલસિંહ પી. રાઠોડ દોલારાણા વાસણા, ભારતીબેન પી. પટેલ ચંદ્રાલા, મણીભાઈ એચ. પટેલ છાલા, જયમીનભાઈ જે. પટેલ ચિલોડા, હરજીભાઈ એમ. રાયકા વાંકાનેરડા, જયંતિભાઈ એમ. પટેલ વલાદ બિનહરીફ જાહેર થયા હતા.

જે ૨ બેઠકોની ચુંટણી જાહેર થઈ હતી તેમાં લલિતભાઈ જી. પટેલ ઈસનપુર મોટા અને લલિતકુમાર જે. પટેલ ડભોડાનો ભવ્ય વિજય થયેલ હતો.

તમામ વિજેતા ઉમેદવારોને જિલ્લાના તમામ સહકારી આગેવાનો તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

ખેલ મહાકુંભના વિજેતા ખેલાડીઓ જોગ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેર અને ગ્રામ્યની ખેલ મહાકુંભ-૨૦૧૮, સ્પે. ખેલમહાકુંભ- ૨૦૧૮ અને કલા મહાકુંભ-૨૦૧૮ની સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા થયેલા ખેલાડીઓને રોકડ પુરસ્કાર તેમના બેંક એકાઉન્ટમાં જમા કરાવવામાં આવી રહ્યાં છે. વિજેતા ખેલાડીઓ કે જેમણે પોતાના બેંક એકાઉન્ટની વિગત આપી નથી. તેઓ બેંક એકાઉન્ટની વિગત તા. ૨૦મી માર્ચ, ૨૦૧૯ સુધી આપવવાની રહેશે. તેમજ વિજેતા ખેલાડીનું બેંક એકાઉન્ટ ન હોય તો માતા- પિતાના બેંક એકાઉન્ટની વિગત આપવા જિલ્લા રમત ગમત અધિકારી, ગાંધીનગરે જણાવ્યું છે.

જે ખેલાડીઓએ ઇનામના ફોર્મ ભરેલ ના હોય અથવા ફોર્મ ભરેલ હોય છતાં હજી સુધી તેમના બેંક ખાતામાં ઇનામની રકમ જમા ન થઇ હોય તેવા ખેલાડીઓએ જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, 'સી' વિંગ, છઠ્ઠામાળ, સહયોગ સંકુલ, સેકટર-૧૧, ગાંધીનગર ખાતે કચેરી સમય દરમ્યાન રૂબરૂ આવીને તા. ૨૦મી માર્ચ, ૨૦૧૯ સુધી બેંક એકાઉન્ટની માહિતીવાળી બેંક પાસબુકની ઝેરોક્ષ નકલ આપી જવાની રહેશે. સમયમર્યાદામાં એટલે કે તા. ૨૦ માર્ચ, ૨૦૧૯ સુધી બેંક એકાઉન્ટની વિગત નહી આપવામાં આવે અને ઇનામથી વંચિત રહેશો તો તે અંગેની જવાબદારી ખેલાડી પોતાની રહેશે, તેવું પણ જિલ્લા રમત ગમત અધિકારીએ જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ દ્વારા જન સંકલ્પ રેલી માટે તડામાર તૈયારીઓ

ગાંધીનગર, તા. ૮

આગામી લોકાસભાની ચુંટણીની તૈયારીના ભાગરૂપે કોંગ્રેસના સંગઠનને મજબૂત કરવા માટે તેમજ આગામી તારીખ ૧૨મી માર્ચ ૨૦૧૯ના રોજ કોંગ્રેસ

અધ્યક્ષ રાહુલ ગાંધીના અધ્યક્ષ સ્થાને અમદાવાદ ખાતે યોજાનાર કોંગ્રેસ કાર્યકારિણી(ઝઉઝ)ની બેઠક તેમજ બપોરે ૧ કલાકે ગાંધીનગર જિલ્લાના પવિત્ર ત્રિમંદિર પાસે યોજાનાર "જન સંકલ્પ રેલી"ને સફળ બનાવવા માટે આજે સ્ટાફ ટ્રેનિંગ કોલેજ, સેકટર-૧૭, ખાતે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસના પ્રમુખ સૂર્યસિંહ ડાભીના અધ્યક્ષપદે ગુજરાત પ્રદેશના સહપ્રભારી જીતેન્દ્ર બઘેલજીની વિશેષ ઉપસ્થિતિમાં ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિની વિસ્તૃત કારોબારી બેઠક યોજાઈ હતી. સદર બેઠકમાં આગેવાનોએ ૧૨મી માર્ચ ૨૦૧૯ના રોજ યોજાનાર "જન સંકલ્પ રેલી"ને સફળ બનાવવા માટેનુ આયોજન કરવા માટે કાર્યકર્તાઓનું માર્ગદર્શન આપ્યુ હતું.

વિસ્તૃત કારોબારીમાં આગામી લોકસભાની ચૂંટણી અન્વયે પક્ષના કાર્યક્રમોને સફળ બનાવવા અંગે તેમજ ૧૨ માર્ચના કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીના કાર્યક્રમોને સફળ બનાવવા અંગેના ઠરાવ પસાર કરવામાં આવ્યા હતા. કારોબારીની મીટીંગમાં જિલ્લા નિરીક્ષકો સર્વ માયાબેન દવે, મહેન્દ્રસિંહ બારૈયા, પ્રદેશ મહામંત્રી નિશિતભાઈ વ્યાસ, ધારાસભ્યો સર્વ બળદેવજી ઠાકોર, ડૉ. સી.જે. ચાવડા, સુરેશભાઈ પટેલ, કામિનીબા રાઠોડ, વિધાનસભા નિરીક્ષકો સર્વ રાજુભાઈ બ્રહ્મભટ્ટ, મંદાકિનીબેન પટેલ, વંદનાબેન પટેલ, ભરતભાઈ પટેલ, એલ.એન. પરમાર, તાલુકા-શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખો, વિવિધ સેલ સંગઠનના હોદ્દેદારો સહિત મોટી સંખ્યામાં જિલ્લા કોંગ્રેસના આગેવાનો-કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

ખેતી-બિનખેતીના શરતફેર પ્રસંગે ભરવાના થતા પ્રિમીયમની પરવાનગી ઓનલાઈન અપાશે

ગાંધીનગર, તા. ૮

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ પારદર્શી અને ગતિશીલ પ્રશાસનની નેમ સાથે મહેસૂલ વિભાગની નાગરિકો-પ્રજાલક્ષી કામગીરીની સરળતા માટે મહત્વપૂર્ણ નિર્ણયો કર્યા છે.

રાજ્યભરમાં બિનખેતીની પ્રક્રિયાને ઓનલાઈન કરવાની સફળ કામગીરી બાદ ખેતી/બિનખેતીના પ્રિમિયમની પરવાનગી તથા સ્ટેમ્પ ડ્યુટી પણ હવે ઓનલાઈન ભરપાઈ કરવા માટે ઈ-પેમેન્ટની વ્યવસ્થા સમગ્ર રાજ્યમાં કરવાની જાહેરાત તેમણે કરી છે.

મહેસૂલમંત્રી કૌશિકભાઈ પટેલે આ નિર્ણયોની ભૂમિકા આપતાં જણાવ્યું કે વિવિધ મહેસૂલી સેવાઓ ઓનલાઈન કરવામાં આવતા સેવાઓ ઝડપી અને સરળ બનવાના પરીણામે નાગરિકોનો બહોળો પ્રતિસાદ મળ્યો છે. માત્ર ત્રણ માસમાં આશરે ૮૫૦૦ જેટલી એન.એ.ની અરજીઓ ઓનલાઇન મળી છે. ઓનલાઈન મળેલ અરજીઓ પૈકી ૫૫ ટકા અરજીઓ માત્ર ૭-૧૦ દિવસમાં તથા ૪૦ ટકા અરજીઓ મહત્તમ ૪૫ દિવસમાં મંજૂર કરવામાં આવી છે.

કૌશિકભાઇ પટેલે ઉમેર્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના "ડિજિટલ ઈન્ડિયા" અભિયાનને આગળ ધપાવવા, વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળ, રાજ્ય સરકારે ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરીને મહેસૂલ વિભાગની કામગીરી સરળ, ઝડપી, સિટિઝન સેન્ટ્રિક બને તે હેતુસર અનેકવિધ નવા આયામો ખૂબ જ ટૂંકા ગાળામાં હાથ ધર્યા છે. જેના પરીણામે ૧૫ માસ જેટલા ટૂંકા ગાળામાં ૧૦ જેટલી મહેસૂલી સેવાઓ ઓનલાઈન થશે.

મહેસૂલમંત્રીએ જણાવ્યું કે, રાજ્ય સરકાર મહેસૂલ સેવાઓ ઓનલાઈન કરી સરળ અને પારદર્શી બનાવવા ઝડપભેર આગળ વધી રહેલ છે અને વધુ ૮ (આઠ) જેટલી મહેસૂલી સેવાઓ ઓનલાઈન થવા જઈ રહી છે.

કૌશિકભાઇ પટેલે જે મહેસૂલી સેવાઓ ઓનલાઈન થવા જઈ રહી છે તેની વિસ્તૃત વિગતો આપતા ઉમેર્યુ કે આ સેવાઓમાં (૧) ગણોતધારાની કલમ-૪૩ તેમજ નવી શરતની જમીન ખેતી/બિનખેતીના હેતુસર શરતફેર કરવા અંગે પ્રિમિયમની પરવાનગી (૨) જમીન મહેસૂલ અધિનિયમની કલમ-૬૫(ક) હેઠળ બિનખેતીના ઉપયોગની હેતુફેરની પરવાનગી (૩) જમીન મહેસૂલ અધિનિયમની કલમ-૬૫(ખ) હેઠળ બોનાફાઈડ ઈન્ડસ્ટ્રીઝ માટે ખેતીની જમીનમાં બિનખેતીની પરવાનગી (૪) જમીન મહેસૂલ અધિનિયમની કલમ-૬૬ હેઠળ ખેતીની જમીનમાં પરવાનગી વિના કરેલ મળવાપાત્ર બાંધકામને નિયમોનુસાર દંડ વસૂલી બિનખેતીની પરવાનગી આપી આવું બાંધકામ વિનિયમિત કરવું (૫) જમીન મહેસૂલ અધિનિયમની કલમ-૬૭ હેઠળ બિનખેતીની જમીનમાં વગર પરવાનગીએ હેતુફેર તથા કલમ-૬૫ ની શરતોનું પાલન ન કરવામાં આવેલ હોય તેવા કિસ્સાઓમાં નિયમોનુસાર દંડ વસુલીને પરવાનગી (૬) ગણોતધારાની કલમ-૬૩ હેઠળ કંપની અથવા બિન ખેડૂતોને ખેતીની જમીન ખરીદવાની પરવાનગી (૭) ગણોતધારાની કલમ-૬૩(છછ) હેઠળ બોનાફાઈડ ઈન્ડસ્ટ્રિયલ પર્પઝ માટે ખેતીની જમીન ખરીદવાની પરવાનગી (૮) ઈ-ધરામાં વારસાઈ નોંધ માટેની અરજીનો સમાવેશ થાય છે.

માણસા પાલિકા દ્વારા ટેક્સ બાકીદારોની મિલકતને સીલ કરવાની કાર્યવાહી

માણસા નગરપાલિકા દ્વારા ટેક્સની બાકી નીકળતી રકમ ચૂકવવા માટે બાકીદારોને વારંવાર કહેવા છતાં તે નહીં ભરાતા તેઓને આખરની જપ્તીની નોટિસ આપવામાં આવી હતી અને તેની પણ મુદત પૂરી થવા છતાં આવી ટેક્સની રકમ નહીં ચૂકવનારની મિલકતને સીલ કરી દેવાની કાર્યવાહી પાલિકાતંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે. માણસા નગરપાલિકા વિસ્તારમાં નગરપાલિકાઓની સુવિધાના બદલામાં જે ટેક્સની રકમ ચૂકવવાની આવે છે તેવી ટેક્સની રકમ નહીં ભરતા બાકીદારોને પાલિકા દ્વારા અગાઉ વારંવાર જાણ કરવામાં આવી હતી તેમ છતાં તેઓ ઉદાસીન રહેતા ગત ૨૨ તારીખના રોજ દિન-૧૫ માં આ બાકી નીકળતી ટેક્સની રકમ ભરપાઈ કરી જવી નહી તો મિલકતને જપ્ત કરવામાં આવશે.

રાજીનામા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

હતું. રાજકીય વર્તુળોમાં ચાલતી ચર્ચા મુજબ ભાજપે અલ્પેશનો વિકલ્પ શોધી લીધો છે. આહિર સમાજમાં વર્ચસ્વ ધરાવતાં જવાહર ચાવડા આહિર સમાજના અગ્રણી છે. સૌરાષ્ટ્રમાં આહિર સમાજનું પ્રભુત્વ છે. જવાહર ચાવડાએ પિતા પેથલજી ચાવડાનો રાજકીય વારસો સંભાળ્યો છે. પેથલજી ચાવડા વર્ષો સુધી માણાવદરના ધારાસભ્ય રહી ચૂક્યા છે. જવાહર ચાવડા વર્ષ ૧૯૯૦માં પહેલીવાર ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. ત્યારબાદ ૨૦૦૭, ૨૦૧૨ અને ૨૦૧૭માં પણ ધારાસભાની ચૂંટણી જીતીને ૪થીવાર ધારાસભ્ય બન્યા હતા. ૨૦૧૭માં જવાહર ચાવડાએ નીતિન ફળદુને હરાવીને માણાવદર બેઠક જીતી હતી. કોંગ્રેસમાંથી એક પછી એક ધારાસભ્યો તૂટતાં અને બધા ભાજપમાં જઈને જોડાઈ જતાં હવે કોંગ્રેસ પાસે હવે ૭૩ ધારાસભ્ય જ રહ્યા છે. તો, ત્રણ બેઠકો ખાલી પડી છે. સને ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસે ૭૭ બેઠકો જીતી હતી. આ પહેલા કુંવરજી બાવળિયા અને ડૉ. આશા પટેલ કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાતા કોંગ્રેસની સભ્ય સંખ્યા ૭૫ પર આવી હતી. ત્યાર બાદ ભગવાન બારડને ધારાસભ્ય પદેથી સસ્પેન્ડ કરતા અને જવાહરે રાજીનામું આપતા વિધાનસભામાં હવે કોંગ્રેસના ૭૩ ધારાસભ્ય જ રહ્યા છે.

હાલ ઉંઝા, તલાલા અને માણાવદર બેઠક ખાલી પડી છે. હાલ વિધાનસભામાં ભાજપના ૧૦૦, કોંગ્રેસ ૭૩, એનસીપીને ૧, બીટીપી ૨ અને અપક્ષ ૩ સહિત ૧૭૯ ધારાસભ્યો રહ્યા છે. જો કે, જવાહર ચાવડાના રાજીનામાને પગલે અને એક પછી એક ધારાસભ્યો ઓછા થતાં જતાં લોકસભા ચૂંટણી પહેલાં ખાસ કરીને તા.૧૨મી માર્ચે જ્યારે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી, મહાસચિવ પ્રિયંકા ગાંધી અને સોનિયા ગાંધી કોંગ્રેસની રાષ્ટ્રીય કાર્યકારિણી માટે અમદાવાદ આવી રહ્યા છે ત્યારે કોંગ્રેસની છાવણીમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. તો ભાજપની છાવણી ગેલમાં આવી ગઈ છે.

સમયસર

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

લોકપ્રિય હોય પણ કિંમત તો કોડીની જ હોય છે.

દેશમાં ધોવાતા જતાં મૂલ્યનિષ્ઠ રાજકારણમાં બધાં એકબીજાને સારા કહેવડાવે છે. માથા નિષ્ઠ રાજનીતિ સામે મૂલ્યનિષ્ઠ રાજનીતિના ચીંથરા ઉડી રહ્યાં છે. પક્ષો તુટશે, પક્ષો બનશે, સરકારો તુટશે, સરકારો બનશે એની ચિંતા નથી, ચિંતા છે દેશને બચાવવાની, ચિંતા છે લોકશાહીને બચાવવાની અને ચિંતા છે ભારતીય સંસ્કૃતિને બચાવવાની..!

ગાંધી અને સરદારની ભૂમિમાં રાજકારણ કેટલીહદે નીચુ ઉતરતુ જાય અને ક્યાં જઈને અટકશે એ સમજાતુ નથી. તપ અને ત્યાગની આ ભૂમિમાં સત્તા અને સ્વાર્થના સોદાઓથી ખદબદતા રાજકારણને કેમ કોઈ અટકાવી શકતુ નથી અને આમ જ ચાલશે તો ગુજરાતના જાહેરજીવનને કયા સ્તર પર લઈ જવા માંગીએ છીએ એ પણ વિચારવુ પડશે. બે ધારાસભ્યો જોડાય કે બાવીસ... એનાથી મતલબ નથી. મતલબ છે સિદ્ધાંત વિહોણા રાજકારણનો. અને ગુજરાતને ન શોભે તેવા સ્તરના રાજકારણથી શરમ અનુભવાય છે.

કેમેસ્ટ્રીનું પેપર

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

સાથે હાંશકારો પ્રવર્તયો હતો. પરીક્ષાની શરૂઆતથી જ વિદ્યાર્થીઓ હળવાફુલ જોવા મળ્યા હતા.બીજીતરફ આજે ધો -૧૦ અને ૧૨ માં એક પણ વિષયની પરીક્ષા લેવાઈ ન હતી. જયારે ધો -૧૨ સામાન્ય પ્રવાહમાં ઈતિહાસ અને સ્ટેટનુ પેપર પણ એકંદરે સરળ રહ્યુ હતુ. જયારે શનિવારે ધો -૧૦ માં વિજ્ઞાન અને ટેકનોલોજી તેમજ રસાયણ વિજ્ઞાનની પરીક્ષા લેવાશે. બોર્ડ પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓ ગળાડુબ તૈયારીમાં જોવા મળી રહ્યા છે. જયારે પરીક્ષા લક્ષી માર્ગદર્શન માટે તંત્ર દ્વારા શરૂ કરાયેલા હેલ્પલાઈન તેમજ કાઉન્સિલરો પણ ઉપયોગી પુરવાર થઈ રહ્યા છે.

અયોધ્યા વિવાદ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

નિયુક્ત અને નિરીક્ષણ હેઠળ મધ્યસ્થીને લઈને ચુકાદો અનામત રાખ્યો હતો.ચીફ જસ્ટિસ રંજન ગોગોઈના નેતૃત્વમાં પાંચ જજની બંધારણીય બેંચે મધ્યસ્થીઓના નામ આપવા તમામ સંબંધિત પક્ષોને સૂચના આપી હતી. આ બેંચમાં એસએ બોબડે, ડીવાય ચંદ્રચુડ, અશોક ભુષણ, એસએ નઝીર પણ હતા. બેંચે ચુકાદો અનામત રાખ્યો હતો. હિન્દુ સંસ્થાઓ નિર્મોહી અખાડા સિવાય મધ્યસ્થી માટેના મામલાને રિફર કરવાના કોર્ટના સુચનનો વિરોધ કર્યો હતો. જો કે, મુસ્લિમ સંસ્થાઓએ આ સૂચનને ટેકો આપ્યો હતો. સોલીસીટર જનરલ તુષાર મહેતા ઉત્તરપ્રદેશ સરકાર તરફથી ઉપસ્થિત રહ્યા હતા. અયોધ્યામાં રામ જન્મભૂમિ બાબરી મસ્જિદ ખાતે ૨.૭૭ એકર જમીન ઉપર માલિકીને લઈને હિન્દુ અને મુસ્લિમ સમુદાયના લોકો વચ્ચે સદીઓથી વિવાદ જારી છે. અલ્હાબાદ હાઈકોર્ટે વર્ષ ૨૦૧૦માં ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો જેની સામે સતત અરજીઓ કરવામાં આવી હતી. અલ્હાબાદ હાઈકોર્ટે વર્ષ ૨૦૧૦માં ઐતિહાસિક ચુકાદો આપતા વિવાદાસ્પદ જમીનને ત્રણ ભાગોમાં વિભાજિત કરી હતી જેમાં રામલલ્લા, સુન્ની વક્ફ બોર્ડ અને નિરમોહી અખાડા વચ્ચે જમીન વિભાજિત કરી હતી. ચીફ જસ્ટિસ રંજન ગોગોઈના નેતૃત્વમાં આ મામલાની સુનાવણી આવતીકાલથી શરૂ થશે. તત્કાલિન સીજેઆઈ દિપક મિશ્રા, જસ્ટિસ અશોક ભૂષણ અને જસ્ટિસ એસ અબ્દુલનઝીરની બેંચે છેલ્લા ચુકાદામાં સાત વર્ષ જુની અરજી પર વહેલીતકે સુનાવણી આડેની અડચણોને દૂર કરી હતી. અલ્હાબાદ હાઈકોર્ટના ચુકાદાને પડકાર ફેંકીને આ અરજી દાખલ કરવામાં આવી હતી. સાથે સાથે પેન્ડિંગ અરજીઓને પાંચ જજની બેંચ સમક્ષ મોકલી દેવાની મુસ્લિમ પાર્ટીઓની અપીલને પણ સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી હતી.

મિગ-૨૧

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

દીધા હતા. આ વિમાને નલ એરબેઝથી પોતાની ઉંડાણ ભરી હતી. હાલમાં જ મિગ તુટી પડવાની આ બીજી ઘટના બની છે. ફ્લાઈંગ કોફિન અંતર્ગત બદનામ આ વિમાનોનું એચએએલ દ્વારા નિર્માણ કરવામાં આવેલા દેશી ફાઈટર વિમાન (એલસીએ)ને તેજસથી બદલી દેવાની માંગ ઉઠી રહી છે. લગભગ પાંચ દશક જૂના આ વિમાનોને લાંબા સમયથી માંગ થઈ રહી છે. મળતી માહિતી અનુસાર ફાઈટર વિમાન મિગ-૨૧ તુટી પડ્યું તે પહેલા તેને ઉડાવી રહેલ પાયલોટ પેરાશુટ લઈને કુદી ગયા હતા. હાલ પાયલોટ સુરક્ષીત હોવાનું જણાવાઈ રહ્યું છે. આ ફાઈટર જેટ વિમાન બીકાનેર નજીક તુટી પડ્યું અને તેમાં આગ લાગી ગઈ હતી.

એનપીએ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ફેડરેશનના પ્રમુખ વીવીએસઆર શર્મા અને જનરલ સેક્રેટરી સંજીવ કે.બંદલીશે ભારપૂર્વક જણાવ્યું હતું કે, દેશમાં રાષ્ટ્રીયકૃત બેંકોના થઈ રહેલા મર્જર અને કેન્દ્ર સરકાર દ્વારા આ અંગેની અપનાવાયેલી નીતિને લઈ ફેડરેશનનો સખત વિરોધ છે. કારણ કે, બેંકોના મર્જરથી દેશમાં ઓછામાં ઓછી ૨૫થી ૩૦ હજાર શાખાઓ બંધ થઈ જવાની દહેશત પ્રવર્તી રહી છે. એટલું જ નહી, જે પ્રકારે દેશની વિવિધ બેંકોમાં વીલફુલ ડિફોલ્ટરોના એનપીએ (નોન પરફોર્મીંગ એસેટ્સ)નો આંક વધી રહ્યો છે તે પણ ગંભીર અને ચિંતાજનક છે. આજે દેશમાં વિવિધ બેંકોમાં મળી કુલ એનપીએ દસ લાખ કરોડનું છે, જેમાં ૮૫ ટકા એનપીએ એટલે કે, સાડા આઠ લાખ કરોડ એનપીએ માત્ર ૮૯ ખાતાઓનું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, કુલ એનપીએમાંથી માત્ર ૧૩ ખાતાઓનું જ એનપીએ અઢી લાખ કરોડથી પણ વધુનું થવા જાય છે. આ સંજોગોમાં બેંકોમાં જે પ્રકારે એનપીએ વધી રહ્યું છે તે જોતાં બેંકોની આર્થિક તરલતા જળવાઈ રહે તે માટે વીલફુલ ડિફોલ્ટરો સામે ક્રિમીનલ ઓફેન્સ જાહેર કરવા અને આવા ડિફોલ્ટરોના નામ અને યાદી જાહેર કરવા અમારી કેન્દ્ર સરકાર સમક્ષ ઉગ્ર માંગણી છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૦૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાં